## તારાંકિત પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૯૯

# અગ્રતાક્રમ –૨

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ – ૦૫/૦૨/૨૦૨૪

**પ્રશ્નનું શિર્ષક :–** "અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવીડ ના કેસો"

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ:– શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર– ખાડીયા)

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

## અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવીડના કેસો

***15/4/99 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા**( જમાલપુર- ખાડીયા)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લા માં કોવીડ ના નવા વેરીયન્ટ(જેએન.૧) ના કેટલા કેસો નોંધાયા, | (૧) અમદાવાદ શહેર: ૨૦; અમદાવાદ જીલ્લો: ૦૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ એક્ટીવ કેસોની સંખ્યા કેટલી છે , અને | (૨) શુન્ય(૦૦) |
| (૩) સરકારે સાવચેતી કે અગમચેતીના ક્યા ક્યા પગલા લીધાં છે ? | (૩) |

(૧)

| અમદાવાદ શહેર | ૨૦ |
|---|---|
| અમદાવાદ જીલ્લો | ૦૦ |

(૩)

- તમામ કેસોનું આરોગ્યની ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ વિઝિટ કરવામાં આવેલ છે. તેમના કોન્ટેકમાં આવેલ તમામ શંકાસ્પદ દર્દીના ટેસ્ટીંગ કરવામાં આવેલ છે.અને જરૂર જણાયે રૂબરૂમાં દવાઓ આપવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા સતત "ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ-વેક્સીનેશન-કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયર" ની સ્ટ્રેટેજી અપનાવી કામગીરી હાથ ધરવામાં આવે છે.
- આ રોગને અટકાવવા સંકલિત રોગ સર્વેલન્સ કાર્યક્રમ દ્વારા દર્દીઓને શોધી દવા તેમજ અધતન સારવાર આપવામા આવે છે.
- રાજ્યમાં કોવિડ-૧૯ ટેસ્ટીંગ માટે ૨૦૭ લેબોરેટરીને મંજુરી આપવામાં આવેલ છે. જે પૈકી ૧૧૧ સરકારી અને ૯૬ ખાનગી લેબોરેટરી ને મંજુરી આપવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીનાં પત્ર અનુસંધાને તમામ RTPCR પોઝીટીવ દર્દીનું ઝીનોમ સીક્વન્સિંગ કરવામાં આવે છે.
- તમામ આરોગ્ય કેન્દ્રોમાં દવાઓ અને સાધન સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- જાહેર જનતાને શું કરવું શું ન કરવું તે અંગે પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવે છે. ઇન્ડિયન મેડીકલ એસોસિએશનના સભ્યોની મીટીંગ યોજી આ રોગ વિષે માહિતગાર કરવામાં આવેલ છે.

# <u>પુરક નોંધ</u>

## કોવિડ–૧૯ રોગના નવા વેરીયન્ટ જેએન.૧ અંગે વિશેષ માહિતી

- રાજ્યમાં **<u>૩૧/૦૧/૨૦૨૪</u>** સુધીમાં કોવિડ–૧૯ રોગના નવા વેરીયન્ટ જેએન.૧ ના **<u>કુલ–૮૦</u>** દર્દીઓને સારવાર આપવામાં આવી.
- હાલમાં એક પણ દર્દી હોસ્પિટલ આઈશોલેશન કે હોમ આઈશોલેશનમાં નથી.
- અત્યાર સુધીમાં નવા વેરીએન્ટ જેએન.૧ ના લીધે એક મૃત્યુ **<u>તા. ૨૬/૧૨/૨૦૨૩</u>**ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં થયેલ છે.

| ક્રમ | જિલ્લા કોર્પોરેશનનું નામ | જેએન.૧ ની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ કોર્પોરેશન | ૪૩ |
| ૨ | અમદાવાદ | ૦૧ |
| ૩ | આણંદ | ૦૧ |
| ૪ | ગાંધીનગર | ૦૧ |
| ૫ | ગાંધીનગર કોર્પોરેશન | ૦૮ |
| ૬ | મહેસાણા | ૦૧ |
| ૭ | રાજકોટ કોર્પોરેશન | ૦૩ |
| ૮ | સાબરકાંઠા | ૦૧ |
| ૯ | વડોદરા | ૦૧ |
| ૧૦ | વડોદરા કોર્પોરેશન | ૨૦ |
| **કુલ** | | **૮૦** |

- **<u>તા. ૦૪/૦૨/૨૦૨૪ની</u>** સ્થિતીએ કોવિડ–૧૯ના **<u>કુલ–૬૮</u>** એક્ટીવ કેસો છે. જેમાં ૮ દર્દી ઇનડોર, ૪ દર્દી કો–મોર્બિડ, ૧ દર્દી વેન્ટીલેટર અને ૧ દર્દી બાયપેપ પર છે.
- જી.બી.આર.સી. (ગુજરાત બાયોટેક્નોલોજી રીસર્ચ સેન્ટર) દ્વારા જીનોમ સિક્વન્સિંગ થયા બાદ કયો વેરીએન્ટ છે તેની ખબર પડતી હોય છે.

- કોવિડ–૧૯ નાં માસ વાર નોંધાયેલ કેસ અને મરણ ની વિગતો :

| **માસ** | **વર્ષ ૨૦૨૨** | | | **વર્ષ ૨૦૨૩** | | |
|---|---|---|---|---|---|---|
| | **ટેસ્ટ** | **કેસ** | **મરણ** | **ટેસ્ટ** | **કેસ** | **મરણ** |
| જાન્યુઆરી | ૩૧૮૮૩૬૦ | ૩૨૮૯૨૭ | ૩૫૫ | ૪૫૮૬૮૦ | ૭૮ | ૩ |
| ફેબ્રુઆરી | ૨૨૫૨૧૮૩ | ૬૧૯૬૯ | ૪૫૭ | ૨૫૧૩૮૫ | ૪૨ | ૦ |
| માર્ચ | ૯૯૫૭૭૬ | ૧૨૭૬ | ૧૨ | ૩૫૩૨૧૧ | ૪૫૦૯ | ૯ |
| એપ્રિલ | ૪૯૪૬૬૭ | ૪૩૬ | ૧ | ૫૩૯૫૪૮ | ૮૩૧૨ | ૧૯ |
| મે | ૪૮૫૪૦૭ | ૮૬૨ | ૧ | ૩૩૨૦૦૦ | ૭૮૮ | ૫ |
| જુન | ૭૨૪૫૪૧ | ૬૮૨૮ | ૨ | ૯૭૪૯૯ | ૫૧ | ૦ |
| જુલાઈ | ૧૧૦૩૭૪૫ | ૨૩૧૪૧ | ૨૪ | ૪૭૭૧૨ | ૧૧ | ૦ |
| ઓગષ્ટ | ૮૧૬૧૨૮ | ૧૫૦૯૫ | ૪૧ | ૩૧૭૫૦ | ૧૩ | ૦ |
| સપ્ટેમ્બર | ૬૫૮૯૫૧ | ૪૪૮૫ | ૨૩ | ૧૮૬૭૯ | ૧૭ | ૦ |
| ઓક્ટોબર | ૪૭૪૯૨૫ | ૨૦૩૯ | ૫ | ૧૪૮૬૬ | ૪૩ | ૦ |
| નવેમ્બર | ૪૦૨૫૩૪ | ૬૫૬ | ૪ | ૭૮૪૫ | ૨૪ | ૧ |
| ડીસેમ્બર | ૩૫૫૬૧૫ | ૧૨૭ | ૦ | ૧૩૦૩૪ | ૧૪૮ | ૧ |
| **કુલ** | **૧૧૯૫૨૮૩૨** | **૪૪૫૮૪૧** | **૯૨૫** | **૨૧૬૬૨૦૯** | **૧૪૦૩૬** | **૩૮** |

| **વર્ષ ૨૦૨૦** | | | **વર્ષ ૨૦૨૧** | | |
|---|---|---|---|---|---|
| **ટેસ્ટ** | **કેસ** | **મરણ** | **ટેસ્ટ** | **કેસ** | **મરણ** |
| ૯૬૫૨૭૮૦ | ૨૪૫૦૩૮ | ૪૩૦૬ | ૨૪૯૪૦૬૭૧ | ૫૮૬૬૯૪ | ૫૮૧૨ |

➢ કોવિડ–૧૯ જિલ્લાવાર કુલ નોંધાયેલા કેસ અને મરણ :–

| ક્રમ | જીલ્લો/ કોર્પોરેશન | ૨૦૨૨ | | ૨૦૨૩ | |
|---|---|---|---|---|---|
| | | કેસ | મૃત્યુ | કેસ | મૃત્યુ |
| ૧ | અમદાવાદ | ૨૮૯૩ | ૯ | ૯૭ | ૦ |
| ૨ | અમદાવાદ કોર્પોરેશન | ૧૬૧૦૫૭ | ૨૫૨ | ૫૨૭૨ | ૧૮ |
| ૩ | અમરેલી | ૨૭૦૭ | ૩ | ૨૫૦ | ૦ |
| ૪ | આણંદ | ૬૨૬૫ | ૪ | ૨૦૧ | ૦ |
| ૫ | અરવલ્લી | ૭૯૭ | ૩ | ૧૫ | ૧ |
| ૬ | બનાસકાંઠા | ૫૫૩૯ | ૫ | ૧૩૯ | ૨ |
| ૭ | ભરૂચ | ૬૪૭૮ | ૩૫ | ૨૬૫ | ૧ |
| ૮ | ભાવનગર | ૧૧૪૧ | ૩૦ | ૩૨ | ૧ |
| ૯ | ભાવનગર કોર્પોરેશન | ૭૮૦૦ | ૩૮ | ૧૧૮ | ૦ |
| ૧૦ | બોટાદ | ૧૭૧ | ૬ | ૧૪ | ૦ |
| ૧૧ | છોટા ઉદેપુર | ૩૭૩ | ૦ | ૪ | ૦ |
| ૧૨ | દાહોદ | ૧૩૯૦ | ૮ | ૨૩ | ૦ |
| ૧૩ | ડાંગ | ૪૩૭ | ૦ | ૫ | ૦ |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | ૧૨૪૪ | ૬ | ૬ | ૦ |
| ૧૫ | ગાંધીનગર | ૫૬૩૬ | ૧૫ | ૨૬૩ | ૧ |
| ૧૬ | ગાંધીનગર કોર્પોરેશન | ૧૧૫૧૮ | ૧૨ | ૨૩૬ | ૦ |
| ૧૭ | ગીર સોમનાથ | ૧૨૮૯ | ૩ | ૬૦ | ૧ |
| ૧૮ | જામનગર | ૧૭૧૫ | ૧૫ | ૨૧ | ૦ |
| ૧૯ | જામનગર કોર્પોરેશન | ૫૭૧૯ | ૨૭ | ૭૮ | ૦ |
| ૨૦ | જુનાગઢ | ૭૪૬ | ૦ | ૨ | ૦ |
| ૨૧ | જુનાગઢ કોર્પોરેશન | ૧૫૧૦ | ૦ | ૯ | ૦ |
| ૨૨ | ખેડા | ૪૪૦૬ | ૬ | ૪૬ | ૧ |
| ૨૩ | કચ્છ | ૭૫૦૨ | ૧ | ૧૪૦ | ૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪ | મહીસાગર | ૬૮૮ | ૩ | ૨૫ | ૦ |
| ૨૫ | મહેસાણા | ૮૯૨૯ | ૧૯ | ૮૪૬ | ૩ |
| ૨૬ | મોરબી | ૪૮૧૬ | ૯ | ૪૯૨ | ૦ |
| ૨૭ | નર્મદા | ૬૮૬ | ૦ | ૩ | ૦ |
| ૨૮ | નવસારી | ૫૪૪૫ | ૧૬ | ૧૨૨ | ૦ |
| ૨૯ | પંચમહાલ | ૧૯૮૮ | ૧૩ | ૬૪ | ૦ |
| ૩૦ | પાટણ | ૫૩૭૯ | ૦ | ૧૭૮ | ૦ |
| ૩૧ | પોરબંદર | ૧૦૦૦ | ૪ | ૭૬ | ૦ |
| ૩૨ | રાજકોટ | ૬૫૮૭ | ૩૫ | ૩૧૩ | ૧ |
| ૩૩ | રાજકોટ કોર્પોરેશન | ૨૨૫૮૭ | ૪૦ | ૫૧૯ | ૦ |
| ૩૪ | સાબરકાંઠા | ૩૦૯૧ | ૭ | ૩૧૯ | ૦ |
| ૩૫ | સુરત | ૧૨૩૭૨ | ૭૨ | ૫૧૦ | ૦ |
| ૩૬ | સુરત કોર્પોરેશન | ૫૫૧૩૧ | ૫૨ | ૧૧૩૩ | ૨ |
| ૩૭ | સુરેન્દ્રનગર | ૨૨૦૭ | ૩ | ૧૦૫ | ૦ |
| ૩૮ | તાપી | ૧૫૦૮ | ૮ | ૧૧ | ૦ |
| ૩૯ | વડોદરા | ૧૨૪૯૩ | ૧૮ | ૫૪૪ | ૧ |
| ૪૦ | વડોદરા કોર્પોરેશન | ૫૫૧૧૭ | ૧૧૫ | ૧૧૩૮ | ૦ |
| ૪૧ | વલસાડ | ૭૪૮૪ | ૩૩ | ૩૪૨ | ૩ |
| ૪૨ | અન્ય રાજ્ય | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૪૪૫૮૪૧** | **૯૨૫** | **૧૪૦૩૬** | **૩૮** |

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ :** **૨**

**પ્રશ્ન ક્રમાંક :** **૧૫/૪/૯૯**

**તા. ૦૫/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી :** શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા
(જમાલપુર– ખાડીયા)

**પ્રશ્ન:–** અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવીડના કેસો

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | કોવિડ–૧૯ રોગના નવો વેરીયન્ટ જેએન.૧ શું છે, તેના લક્ષણો અગાઉના વેરીએન્ટથી અલગ કઈ રીતે છે? અને તેના ફેલાવાની ઝડપ કેવી છે તે જણાવશો. | શ્રી અમિતભાઇ ઠાકર, વેજલપુર |
| ૨ | કોવિડ–૧૯ રોગના નવો વેરીયન્ટ જેએન.૧ કઈ રીતે ફેલાય છે? અને તેનાથી બચવા શું કરવું જોઈએ? | શ્રી જીતેન્દ્રકુમાર રમણભાઇ પટેલ, નારણપુરા |
| ૩ | કોવિડ–૧૯ રોગના નવો વેરીયન્ટ જેએન.૧ ની સારવાર માટે કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી? અને આ માટે આરોગ્યની સંસ્થાઓમાં કઈ સુવિધા પૂરી પાડવામાં આવે છે? | શ્રી કનુભાઇ પટેલ, સાણંદ |

**અગ્રતા ક્રમાંક– ૨**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૯૯**
**આરોગ્ય વિભાગ**
**તા.૦૫/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન : ૧ (શ્રી અમિતભાઇ ઠાકર, વેજલપુર)

- **કોવિડ–૧૯ રોગના નવો વેરીયન્ટ જેએન.૧ શું છે, તેના લક્ષણો અગાઉના વેરીએન્ટથી અલગ કઈ રીતે છે? અને તેના ફેલાવાની ઝડપ કેવી છે તે જણાવશો.**

**જવાબ :–**

- વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ સમગ્ર દેશમાં અને રાજ્યમાં ઓમીક્રોન વેરિયેન્ટ જોવા મળેલ. નવો વેરિયેન્ટ જેએન.૧ એ અગાઉના વેરિયેન્ટ થી અલગ નથી પરંતુ ઓમીક્રોન વેરિયેન્ટનો સબ ટાઈપ છે. કોરોના એ વાયરસથી થતો શ્વસન તંત્રનો રોગ છે.
- આ રોગના લક્ષણોમાં ભારે તાવ,શરદી, ખાંસી,શ્વાસ લેવામાં તકલીફ, કળતર વગેરે છે.
- નવા વેરીયન્ટના મોટાભાગના કેસો હોમ આઈસોલેશનમાં જ સાજા થયેલ જોવા મળેલ છે આ વેરિયેન્ટમા કેસોની ઘાતકતા ઓછી જોવા મળેલ છે. તેમજ તે અન્ય વ્યક્તિઓમાં જલ્દી ફેલાતો નથી.

## પેટા પ્રશ્ન : ૨ (શ્રી જીતેન્દ્રકુમાર રમણભાઈ પટેલ, નારણપુરા)

➢ **કોવિડ–૧૯ રોગના નવો વેરીયન્ટ જેએન.૧ કઈ રીતે ફેલાય છે? અને તેનાથી બચવા શું કરવું જોઈએ?**

**જવાબ :**

કોરોના વાયરસનો ચેપ ધરાવનાર વ્યક્તિ દ્વારા તંદુરસ્ત વ્યક્તિને ચેપ ફેલાઈ શકે છે જેમાં :

- ખાંસી કે છીંક ખાતી વખતે નીકળતા કણો દ્વારા આંખ, નાક અને મોં વાટે.
- ચેપી વ્યક્તિ સાથે નજીકનો સંપર્ક.
- દુષિત સપાટી, દુષિત વસ્તુઓ કે દુષિત અંગત વપરાશની ચીજોના સંપર્કમાં આવવાથી ચેપ ફેલાઈ શકે છે.

**નવો વેરીયન્ટ જેએન.૧ થી બચવાના ઉપાયો જોઈએ તો :**

- પુષ્કળ પાણી અને સાબુથી હાથ નિયમિત ધોવા.
- જયારે સાબુ અને પાણી ઉપલબ્ધ ન હોય ત્યારે આલ્કોહોલ આધારિત સેનીટાઈઝર ઉપયોગ કરવો.
- સાફ કર્યા વિનાના હાથ વડે આપની આંખો, મોં કે નાકને અડશો નહિ.
- ખાંસી કે છીંક આવતી હોય તેવી વ્યક્તિથી ઓછામાં ઓછું ૧ મીટરનું અંતર રાખવું જોઈએ.
- અભિવાદન કરતી વખતે ચેપથી બચવા હાથ મિલાવવા નહિ. હસ્તધૂનનને બદલે "નમસ્તે"થી અભિવાદન કરવું.
- ખાંસી કે છીંક આવે તો મોં અને નાક આગળ હાથ ન રાખતાં કોણીનો અંદરનો ભાગ રાખવો અથવા ટીસ્યુ પેપર વાપરી તેનો તુરંત જ નિકાલ કરવો.
- ભીડ–ભાડ વાળી  જગાએ જવાનું ટાળવું વિગેરે.

**પેટા પ્રશ્ન : ૩ (શ્રી કનુભાઈ પટેલ, સાણંદ)**

- **કોવિડ–૧૯ રોગના નવો વેરીયન્ટ જેએન.૧ ની સારવાર માટે કઈ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી? અને આ માટે આરોગ્યની સંસ્થાઓમાં કઈ સુવિધા પૂરી પાડવામાં આવે છે?**

**જવાબ :**

- કોવિડ–૧૯ ના રોગની સારવાર માટે રાજયમાં તમામ આરોગ્ય સંસ્થાઓમાં મોકડ્રીલ કરવામાં આવેલ.
- મેડીકલ અને પેરા મેડીકલ સ્ટાફને રોગ નિયંત્રણ અને સારવાર માટેની માહિતીથી માહિતગાર કરવામાં આવેલ છે.
- રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓ કોરોનાથી સંક્રમિત દર્દીઓને જરૂરીયાત મુજબની તમામ સારવાર પૂરી પાડવા સુસજ્જ છે.
- આરોગ્યની સંસ્થાઓમાં કોવિડ સંક્રમિત દર્દીઓને **ઓક્સીજન, વેન્ટીલેટર** સહિતની તમામ જરૂરી સારવાર પૂરી પાડવામાં આવે છે. જે દર્દીઓને ફક્ત આઈસોલેટ કરવાની જરૂરીયાત છે તેવા દર્દીઓને દાખલ કરી સારવાર આપવામાં આવે છે. આવા દર્દીઓને તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ નિ:શુલ્ક પૂરી પાડવામાં આવે છે.